રજુ તારીખ : ૧૨/૧૨/૨૦૨૨.
દાખલ તારીખ : ૧૨/૧૨/૨૦૨૨.
ફેસલ તારીખ :૩૦/૧૧/૨૦૨૩ .
સમયગાળો : વર્ષ–માસ–દીવસ
૦૦–૧૧–૧૮

**ધારીના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુકામ–ધારી.**

ફોજદારી કેસ નંબર–૨૩૨૬/૨૦૨૨.
આંક–

**ફરીયાદી :** શ્રી સરકાર.

**વિરૂધ્ધ.**

**આરોપી/ઓ :** રમેશભાઈ શંભુભાઈ સોલંકી,
ઉ.વ.૫૦, ધંધો–મજુરી,
રહે.દેવળા, તા.ધારી, જી.અમરેલી.

**ગુન્હો:** આઈ. પી. સી. કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪ , ૫૦૬(૨)
તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

- ફરીયાદપક્ષે વિ. એ.પી.પી. શ્રી બી. કે. ચૌધરી./એમ.એમ.સકસેના.
- આરોપીપક્ષે વિ.વ.શ્રી વી.એમ.શર્મા

**–: જજમેન્ટ :–**

(૧) આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીના પિતા બહાર બેઠા હોય આ કામના આરોપી ફરીયાદીના પિતાને ગાળો આપી તથા છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય દરમિયાન ફરીયાદી આવી જતા ગાળો

દેવાની ના પાડતા આરોપીએ ફરીયાદી ઉપર છરી વડે હુમલો કરી બે ટાંકા લાવેલ હોય અને જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી અધિક જીલ્લા મેજી. અમરેલીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કરેલ હોવાની વિગતવારની ફરીયાદ આ કામના ફરીયાદી ભરતભાઈ ચતુરભાઈ સોલંકી, રહે.દેવળા, તા.ધારી વાળાએ નોંધાવતાં ધારી પોલીસ સ્ટેશનના એ–પાર્ટ ગુન્હા રજી. નંબર–૧૧૧૯૩૦૧૮૨૨૦૫૮૪/૨૦૨૨ થી ફરીયાદ રજીસ્ટરે લઈ તપાસનીશની તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુના સબબનો પુરતો પુરાવો મળી આવતા ઈન્સાફ થવા સારુ નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** આરોપી સામેનુ ચાર્જશીટ રજુ થતા આરોપીને સમન્સ કરવામાં આવેલ જેના અનુસંધાનમાં આરોપી અદાલતમાં હાજર થતા સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે આરોપીને પોલીસ કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, આંક–૪ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી સમજાવી આંક–૫ થી આરોપીનો જવાબ લેતા આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

**(૩)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

- આંક–૧૮ થી ફરીયાદી ભરતભાઈ ચતુરભાઈ સોલંકીની જુબાની.
- આંક–૧૯ થી ફરીયાદ.
- આંક–૨૦ થી સાહેદ ચતુરભાઈ વલ્લભભાઈ સોલંકીની જુબાની.
- આંક–૨૧ થી બનાવવાળી જગ્યાનું પંચનામું.
- આંક–૨૨ થી અટક પંચનામું.
- આંક–૨૩ થી ફરીયાદીને ઈજા અંગેનું એમ.એલ.સી.

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક–૨૪ થી કલોઝીંગ પુરશીષ રજુ રાખેલ છે. આરોપીઓનો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનો વધુ જવાબ લેવા પાત્ર પુરાવો ન હોય, આરોપીઓનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષોના વિધ્વાન વકીલશ્રીઓની વિગતવારની દલીલો સાંભળી.

(૫) રજુ થયેલ પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કેસના આખરી નિકાલ સારૂ અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**: મુદ્દાઓ :**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ છે કે, આ કામના ફરીયાદીના પિતા બહાર બેઠા હોય આ કામના આરોપી ફરીયાદીના પિતાને ગાળો આપી તથા છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય દરમિયાન ફરીયાદી આવી જતા ગાળો દેવાની ના પાડતા આરોપીએ ફરીયાદી ઉપર છરી વડે હુમલો કરી બે ટાં કા લાવેલ હોય અને જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી અધિક જીલ્લા મેજી. અમરેલીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આઈ.પી.સી.ની કલમ–૩૨૩,૩૨૪,૫૦૪ , ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કેસના ન્યાયીક નિર્ણયો નીચે મુજબના કારણોસર નીચે પ્રમાણે આપવામાં આવે છે.

**: નિ ર્ણ ય :**

૧.. '' નકારાત્મક ''

૨.. '' આખરી હુકમ મુજબ ''

**: કા ર ણો :**

**મુદ્દા નંબર–૧ :**

**(૭)** ફોજદારી વિધિશાસ્ત્રના મુળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો રહે. ફરીયાદપક્ષ તર્ફે તેઓનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૮ થી ફરિયાદી ભરતભાઈ ચતુરભાઈ સોલંકી કે જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ ઈજા પામનાર સાહેદ છે તેઓને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના આરોપી રમેશભાઈ મારા મોટા બાપુ થાય છે. આ કામનો બનાવ આજથી આશરે એકાદ વર્ષ પહેલા રાત્રીના સમયે હું મારા ઘરે હતો અને મારા બાપુજી ચતુરભાઈ વલ્લભભાઈ ઘરની બહાર બેઠેલા હતા તે વખતે મારા બાપુજી અને મારા મોટા બાપુજી રમેશભાઈ વચ્ચે બોલાચાલી થયેલી જેથી હું ઘરની બહાર નીકળેલો. બોલાચાલી સિવાય બીજુ કશું બનેલ નહી. મારા મોટા બાપુ રમેશભાઈ છરી લાવી અમોને કોઈને મારા મારેલ હોય, ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આ રમેશભાઈ વિરૂધ્ધ સામાન્ય બોલાચાલી અંગેની ફરીયાદ પો.સ્ટે.માં આપેલી. મને ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે. તે હું ઓળખી બતાવુ છુ. સદર ફરીયાદને આંકે પાડવા સામે બચાવપક્ષના વિ.વ.શ્રીને વાંધો ન હોય પુરાવામાં આંક–૧૯ થી રજુ રાખેલ. આ સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન નહી આપતા વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરી અદાલતની પરવાનગીથી વિગતે ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવી શકયા નથી. આ સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, તે વાત ખરી છે કે,

આરોપીએ અમોને કોઈ ગાળો આપેલ નથી કે છરી મારી ઈજા પહોંચાડલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી, આરોપી સાથે ગેર સમજ થતા માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી, પોલીસે માત્ર મારુ નામ સરનામું પુછેલુ ફરીયાદમાં શું લખેલુ તે મેં વાંચેલુ નહી કે મને વાંચી સંભળાવવામાં આવેલ નહી, મેં લોકોના કહેવાથી ઉશ્કેરાટમાં આવી જઈ ફરીયાદ આપેલી, હું પડી જતા મને ઈજા થયેલી તેની મે સારવાર કરાવેલી, મે ડોકટરને કોઈનું નામ લખાવેલ નહી, હાલની જુબાની મેં કોઈના કોઈપણ જાતના દાબ દબાણ કે લોભ લાલચ વગર મારી મરજીથી સ્વૈચ્છાએ આપેલ છે.

(૮) ફરીયાદ પક્ષે આંક–૨૦ થી સાહેદ ચતુરભાઈ વલ્લભભાઈ સોલંકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના આરોપી રમેશભાઈ શંભુભાઈ મારા કુટુંબી ભાઈ થાય છે. આ કામનો બનાવ આજથી આશરે એકાદ વર્ષ પહેલા રાત્રીના સમયે હું મારા ઘરની બહાર બેઠો હતો તે વખતે રમેશભાઈ અને મારી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી,બોલાચાલી સિવાય બીજુ કંઈ બનેલ નહી. મારા કુટુંબી ભાઈ રમેશભાઈ છરી લાવી અમોને કોઈને માર મારેલ હોય,ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે મારો જવાબ લીધેલો. આ સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન નહી આપતા વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરી અદાલતની પરવાનગીથી વિગતે ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવી શકયા નથી.

આ સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, તે વાત ખરી છે કે, આરોપીએ અમોને ગાળો આપેલ નથી કે મારા દિકરાને છરી મારી ઈજા પહોંચાડેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી, આરોપી સાથે ગેરસમજ થતા માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ

કાંઈ બનેલ નહી, પોલીસે માત્ર મારુ નામ સરનામું પુછેલુ ફરીયાદમાં શું લખેલુ તે મેં વાચેલુ નહી કે મને વાંચી સંભળાવવામાં આવેલ નહી, મે લોકોના કહેવાથી ઉશ્કેરાટમાં આવી જઈ ફરીયાદ આપેલી, હાલની જુબાની મે કોઈના કોઈપણ જાતના દાબ દબાણ કે લોભ લાલચ વગર મારી મરજીથી સ્વૈચ્છાએ આપેલ છે.

(૯) ફરીયાદપક્ષે રજુ થયેલ ફરીયાદમાં આક્ષેપાયેલ ગુન્હાના તત્વો ભારતીય પુરાવા ધારાની જોગવાઈ મુજબ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષના શીરે છે. રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવાનુ અવલોકન અને મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ આંક–૧૮ થી ફરીયાદી કે જેઓ ફરીયાદપક્ષના કેસ મુજબ ઈજા પામનાર સાહેદ છે તેઓએ તેમની જુબાનીમાં આ કામના આરોપીઓ સાથે ગેરસમજ થતા સામાન્ય બોલાચાલી થયેલી અને તે અંગેની પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલ હોવાનુ જણાવેલ છે. આંક–૨૦ થી સાહેદ ચતુરભાઈ વલ્લભભાઈ સોલંકીએ પણ ફરીયાદીના પુરાવા મુજબ પુરાવો આપી ફરીયાદીને આરોપીઓ સાથે ગેરસમજ થતા સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ જણાવેલ છે. ફરીયાદી અને સાહેદે પોતાની જુબાનીમાં ફરીયાદી કે સાહેદને માર મારી ઈજા પહોંચાડેલ હોય કે ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે આરોપીના હાથમાં કોઈ હથિયાર હોય અને તેના વડે ઈજા કરેલ હોય એવો કોઈ પુરાવો આપેલ નથી. સદર સાહેદો ઉલટતપાસમાં પણ તેઓની સરતપાસને વળગી રહેલ છે. ફરીયાદી તથા સાહેદએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, આરોપીએ કોઈ ગાળો આપેલ નથી કે છરી મારી ઈજા પહોંચાડલે નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી, આરોપી સાથે ગેરસમજ થતા માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કાંઈ બનેલ નહી. વધુમાં ફરીયાદીએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, હું પડી જતા મને ઈજા થયેલી તેની મે સારવાર કરાવેલી, મે ડોકટરને કોઈ નામ લખાવેલ નથી. આમ, ફરીયાદી/ઈજા પામનાર

તથા સાહેદે ફરીયાદમાં જણાવેલ છે એવો કોઈ બનાવ બનેલ હોય એવો કોઈ પુરાવો આપેલ નથી. આમ, ફરીયાદીના પુરાવાથી આંક–૧૯ વાળી ફરીયાદ પુરવાર થતી નથી.

(૧૦) બચાવપક્ષની સંમતિથી ફરીયાદપક્ષ ઘ્વારા આંક–૨૧ થી બનાવવાળી જગ્યાનું પંચનામું, આંક–૨૨ થી અટક પંચનામું, આંક–૨૩ થી ફરીયાદીને ઈજા અંગેનું એમ.એલ.સી. પુરાવામાં રજુ રાખેલ છે. આ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. બંને પક્ષોની દલીલો તથા રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા આ કામના ફરીયાદીના પિતા બહાર બેઠા હોય આ કામના આરોપી ફરીયાદીના પિતાને ગાળો આપી તથા છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય દરમિયાન ફરીયાદી આવી જતા ગાળો દેવાની ના પાડતા આરોપીએ ફરીયાદી ઉપર છરી વડે હુમલો કરી ઈજા પહોં ચાડી જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી અધિક જીલ્લા મેજી. અમરેલીના હથિયારબંઘીના જાહેરનામાનો ભંગ કરી, આઈ.પી.સી.ની કલમ– ૩૨૩,૩૨૪,૫૦૪ , ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ગંભીર ગુન્હા કરેલ હોવાના કોઈ જ તત્વો પડેલ પુરાવા ઉપરથી ફલિત થતા નથી.

(૧૧) આ કામના આરોપી ઉપર ફોજદારી ગુનાનુ તહોમત હોય, ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ મુજબ ફોજદારી કામમાં ફરીયાદપક્ષની એ મૂળભૂત ફરજ બની રહે છે કે, આરોપીઓ સામેનો કેસ સબળ, સચોટ, વિશ્વસનીય અને આધારભૂત પુરાવાથી કેસ પુરવાર કરે. સદરહું કેસમાં ફરીયાદપક્ષ આવો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ હોય તેવા સંજોગોમાં ફરીયાદીની ફરિયાદના આધારે હાલના કેસની હકીકતો જોતા અને આ અંગે સેટલ લો ને ઘ્યાન સમક્ષ રાખી આરોપીઓને સજા કરી શકાય નહી તેવુ આ અદાલતનુ નમ્ર પણે માનવુ છે. વધુમાં પ્રસ્થાપિત સિઘ્ધાંતો મુજબ જો પોલીસ સાક્ષીઓ તપાસવાથી કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોય તો તેવા સાક્ષીઓને તપાસી અને કોર્ટનો મુલ્યવાન સમય બગાડવો જોઈએ નહિં. હાલના કામે જયારે ખુદ

ફરિયાદી/ ઈજા પામનાર તથા સાહેદ જ ફરીયાદની હકીકતને સમર્થન આપતા નથી ત્યારે અન્ય સાહેદોની જુબાનીથી કેસના અંતિમ પરિણામ પર અસર થાય તેવી શકયતા રહેતી નથી. જેથી આ કેસમાં વધુ સાહેદોને તપાસવાથી પણ કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોવાથી વધુ સાહેદોને તપાસવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ ઠરાવી મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર–ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧.** આ કામના આરોપી રમેશભાઈ શંભુભાઈ સોલંકી, રહે.દેવળા, તા.ધારી, જી.અમરેલી, વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૪૮(૧) હેઠળ તેમની સામેના આઈ.પી.સી. કલમ–૩ર૩, ૩ર૪, ૫૦૪ , ૫૦૬(ર) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**ર.** આ કામે કબજે લેવામાં આવેલ નાશ કરવા પાત્ર મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

**૩.** આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) અન્વયેના જામીન રજુ રાખવા.

આજરોજ તારીખ : ૩૦, માહે : નવેમ્બર, સને : ર૦ર૩ ના રોજ આ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.ધારી.

(આર.એલ.જાડેજા)
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ધારી.
જજ કોડ–જીજે ૦૧૦૭૪